Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-3, December-2019
Impact Factor:4.081
www.researchguru.net

# નર્મદા કેનાલ બનાસકાંઠાની જીવાદોરી

માનસિંગ આર. સોઢા, ડૉ. લોકેશ જૈન,
પીએચડી રિસર્ચ સ્કોલર, પ્રાધ્યાપક અને માર્ગદર્શક,
ગ્રામ્ય વ્યવસ્થાપન અધ્યન કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ રાંધેજા, ગાંધીનગર.
email: mrsodha@yahoo.com , lokeshcsrm@yahoo.co.in મો. 99 78 40 77 40

**પ્રસ્તાવના:-** ગુજરાતમાં બનાસકાઠા જિલ્લો પછાત જિલ્લો છે. આ જિલ્લો વિવિધતા સભર જોવા મળે છે અહી રણપ્રદેશની સાથે કાળી અને ગોરાળું પાક ઉત્પાદન માટે શ્રેષ્ટ જમીન તો છે જ તેની સાથે ખડકાળ વિસ્તાર અને રેતાળ વિસ્તાર પણ છે. આ જિલ્લામાં હાલે કુલ ૧૧ તાલુકાઓ આવેલ છે તે પૈકી વાવ તાલુકો પછાત છે. આ તાલુકામાં રણ વિસ્તારની સાથે મેન્ટલ ધરાવતી કડક જમીનો છે. વળી કાળી અને ફળદ્રુપ જમીનો પણ આ તાલુકામાં જોવા મળે છે. વાવ તાલુકામાં પાણીના તળ બહુજ ઊંડા છે કારણ કે અહી બહુજ ઓછો વરસાદ અને કોઈ નદી આ વિસ્તારમાંથી પસાર થતી નથી તેમજ નજીકમાં રણ વિસ્તાર આવેલ છે. પીવા લાયક પાણીની મોટી સમસ્યા વર્ષોથી અહીના લોકો ભોગવી રહ્યા છે. સ્થાનિકે પાણી છે તો મોટા ભાગના ખારા અને પીવાલાયક પાણી નથી.

છેલ્લા એક દાયકાથી વાવ તાલુકામાં નર્મદા કેનાલ થકી પાણી પહોચાડવામાં આવી રહેલ છે જેથી તાલુકાના મોટા ભાગના ગામોમાં પીવાના પાણીની સમસ્યાનો હલ થઇ સકેલ છે. કદાચ આ પીવાના પાણીનો હલ થવો એ વાક્ય આપણને સામાન્ય લાગે છે પરંતુ એ જાણવું હોય તો આ વિસ્તારની મહિલાઓને રૂબરૂ મળી જોવો અને તેમના અનુભવો સમજો તો વાસ્તવિકતાનો અનુભવ થાય અને આ સમસ્યા કેટલી મોટી હતી તેનો ચિતાર આવી સકે. પીવાના પાણી માટે પાંચ પાંચ કિલોમીટર ઉનાળામાં પગે ચાલીને જવું લાંબી લાઈનોમાં ઉભા રહી પાણી ઉપાડીને ઘેર લાવવું આમાંજ મોટા ભાગનો સમય નીકળી જતો. આપણા ઘેર એક દિવસ પાણી નથી આવતું તો શું થાય છે જરા વિચારી જુવો કે જેઓના ગામમાંજ પાણી વર્ષોથી આવતું નથી.

નર્મદા કેનાલ થકી પીવાના પાણીની સમસ્યા ઉકેલાઈ તેની સાથે ખેતી માટે પાણી મળતા ખેડૂતો પણ સમૃદ્ધ થઇ રહ્યા છે ખેતીની સાથે પશુપાલન પણ મોટા પ્રમાણમાં વધી રહેલ છે. જીવનધોરણમાં સુધાર આવી રહેલ છે પરંતુ તેની કેવી અસરો જોવા મળી રહી છે તે અભ્યાસ દવારા જાણી શકાય તેમ છે.

વાવ તાલુકાના માવસરી, ઢીમા અને અસારા આ ત્રણ ગામો પસંદ કરવામાં આવેલ છે આ ગામો પસંદગી એ માટે કરવામાં આવી છે કે દરેક ગામ એક બીજાથી દુરના અંતરે આવેલા છે અને વાવથી આસારા ૨૮ કિમી પશ્ચિમ બાજુ રણની બાજુમાં આવેલ છે. વાવથી ઢીમા ૧૮ કિમી ઉત્તર-પૂર્વ બાજુ રણથી દુર થરાદથી નજદીકમાં આવેલ છે. વાવથી માવસરી ૩૭ કિમી ઉત્તર બાજુ રણની બાજુમાં આવેલ છે. આ ગામોમાં દરેક ગામ માંથી ૧૬ વ્યક્તિઓ પસંદ કરવામાં આવી મોટા ભાગના ઉત્તરદાતાઓ શિક્ષિત અને ખેતી/પશુપાલન સાથે સંકળાયેલા ખેડૂત અને બિન ખેડૂત બંને પસંદ કરવામાં આવેલ છે જેથી યોગ્ય સમજદારી હોય અને સત્ય સુધી પહોચી શકાયઆવા મોટા ગામોમાં પ્રશ્નાવલી રૂપે માહિતી એકઠી કરી વિશ્લેષણ કરવામાં આવ્યો જેમાં નર્મદા કેનાલ થકી મોટા ભાગની સારી અસરો જોવા મળી તો ક્યાંક થોડી નબળાઈઓ પણ સામે આવી છે.

**સમસ્યા કથન:-**

વાવએ બનાસકાંઠાનો અતિ પછાત આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતો અને રણ વિસ્તારની નજીકનો તાલુકો છે જ્યાં અવારનવાર દુષ્કાળો આવતા હોય છે.નર્મદાના નીર મળ્યા પછી ખેડુતોની સ્થિતિમાં શું ફેરફાર થયો છે અને તેની સ્થાનિક શું અસર થઇ છે તે જાણવું પ્રાસંગિક બની જાય છે.

**સંશોધન અભ્યાસના હેતુઓ:-**

નર્મદા કેનાલ આવ્યા પછી બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકાના ગામોમાં ખેતી વ્યવસ્થામાં શુંપરિવર્તન આવ્યું છે તે જાણવું. અને તેના લીધે ગ્રામીણ અર્થવ્યવસ્થામાં બીજા આનુષાંગિકક્ષેત્રો અને સામાજીક-સાંસ્કૃતિક પરિબળોની દ્રષ્ટીએ ગ્રામીણ જનજીવન ઉપર શું અસરો થઇ છે તેનુ વિશ્લેષણ કરવું.

**ઉત્કલ્પનાઓ:-**

નર્મદા કેનાલ આવ્યા પછી બનાસકાંઠા જીલ્લાના વાવ તાલુકામાં ખેડૂતો આર્થિક રીતે સમૃદ્ધ થયા છે. ખેતી માટેની વ્યવસ્થામાં ફેરફારો થયા છે જેની અસર ગામના બીજા ક્ષેત્રો ઉપર થઇ છે પરિવર્તનોના લીધે સ્થાનિક સામાજિક-સાંસ્કૃતિક પરિબળોમાં ફેરફારો થયા છે.

**સંશોધનનું ક્ષેત્ર, નમૂના પસંદગી અને સંશોધન પ્રવધિ-**

સંશોધનનું ક્ષેત્ર બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકા પુરતુ મર્યાદિત છે જેને નર્મદા કેનાલનો લાભ મળ્યું છે. સંશોધન માટે ત્રણ ગામો- માવસરી, ઢીમા અને આસારા અને દરેક ગામ માંથી ૧૬

ઉત્તરદાતા એમ કુલે ૪૮ ઉત્તરદાતા યદચ્છ રીતે પસંદ કરવામાં આવ્યા છે. જેમાં ખેડુતો અને બિન ખેડુત મુખ્ય બે પ્રકારના ઉત્તરદાતાઓ સામેલ છે. પ્રાથમિક માહિતી એકત્ર કરવા માટે અનુસૂચી, રૂબરૂ મુલાકાત, જુથ ચર્ચા અને નિરીક્ષણ વગેરે પધ્ધતિઓનું ઉપયોગ કરવામાં આવ્યું છે. એકત્ર કરેલ માહિતીનું વિશ્લેષણ કરવા માટે આંકડાશાસ્ત્રીય પધ્ધતિઓની સાથે MS Excel & SPSS સોફ્ટવેરનો ઉપયોગ કરેલ છે તથા વિશ્લેષિત માહિતીનું યોગ્ય અર્થઘટન કરી સંશોધનના તારણો કાઢવામાં આવ્યા છે.

પ્રાથમિક માહિતી ઉપર આધારિત હોવાથી આ અભ્યાસની અમુક મર્યાદાઓ કહી શકાય છે. ઉત્તરદાતાઓ ગામ લોકો અને ખેડુતો છે જેનો અક્ષરજ્ઞાન મર્યાદિત હોય છે તેથી મળેલ માહિતીની પૂર્ણતા અને શુદ્ધતા તેમના જ્ઞાન સુધી અને તેની માહિતી આપવાની તૈયારી સુધી મર્યાદિત છે. આ અભ્યાસના હેતુઓ મુજબ માહિતી લેવાનો પ્રયાસ કર્યો છે. છતાયં જો ઇરાદાપૂર્વક ઉત્તરદાતા યોગ્ય અને સત્ય હકકીતને અભાવે અથવા ઉત્તરદાતા ખેડૂતોને મળતા અન્ય લાભો છીનવાય નહી તે ભયથી માહિતી છુપાવે તે અંશે મર્યાદા રહેવાની છે. છતાયં એની ખરાઈ જુથ ચર્ચા અને નિરીક્ષણ દ્વારા કરી લેવામાં આવેલ છે.

**<u>પ્રાથમિક માહિતીનું વિશ્લેષણ</u>**

એકઠી કરેલ પ્રાથમિક માહિતીનું વિશ્લેષણ ચાર્ટ, ટેબલ અને ગ્રાફ દવારા પણ કરવામાં આવેલ છે જેના તથ્યો અને મળેલ પરિણામો અને આંકડાઓ નીચે પ્રમાણે છે.

1. નર્મદા કેનાલ આવ્યા પછી વાર્ષિક ઉત્પાદનમાં ફેરફાર થયો છે વાર્ષિક ઉત્પાદન વધ્યું છે તે વાત સ્પષ્ટ છે જે ૪૪ વ્યક્તિઓએ એટલેકે ૯૧.૭%એ સ્વીકારી છે જયારે ૩ વ્યક્તિઓએ એટલેકે ૬.૩ ટકાએ જણાવેલ છે કે નાકોઈ ખાસ ફેરફાર નહિ માત્ર ૨ ટકા જણાવે છે કે વાર્ષિક ઉત્પાદનમાં ઘટાડો થયો છે કારણકે નર્મદા કેનાલથી નજીક જમીનમાં ભીનાશ હોવાથી ભેજ વધુ રહે છે જે કેટલાક પાકોને અનુકુળ આવતી નથી જેથી યોગ્ય પાકની પસંદગી કરેલ ના હોવાથી આવો ઘટાડો થયેલ છે. આ વિગતો નીચેના કોષ્ટક પરથી જાણીશકાય છે.

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા વધારો | ૪૪ | ૯૧.૭ |
| ૨ | ના કોઈ ખાસ ફેરફાર નહિ | ૩ | ૬.૩ |
| ૩ | હા ઘટાડો | ૧ | ૨ |
| કુલ | | ૪૮ | ૧૦૦ |

2. નર્મદા કેનાલ આવ્યા પછી વાર્ષિક પિયતના ખર્ચામાં અને ઈનપુટ કે સાધન સામગ્રી ખર્ચમાં પણ વધારો થયો છે. જે અનુસૂચી દ્વારા પ્રશ્નો પૂછી જાણીશકાયેલ છે જેનું કોષ્ટક નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ખર્ચમાં વધારો થયો છે | ૪૦ | ૮૩.૩ |
| ૨ | ના કોઈ ખાસ ફેરફાર નહિ | ૬ | ૧૨.૫ |
| ૩ | ખર્ચમાં ઘટાડો થયો છે | ૨ | ૪.૨ |
| કુલ | | ૪૮ | ૧૦૦ |

નર્મદા કેનાલ આવ્યા પછી વાર્ષિક પિયતના ખર્ચામાં અને ઈનપુટ કે સાધન સામગ્રી ખર્ચમાં પણ વધારો થયો છે. જે ૪૦ વ્યક્તિઓએ એટલેકે ૮૩.૩ %એ સ્વીકારી છે જયારે ૬ વ્યક્તિઓએ એટલેકે ૧૨.૫ ટકાએ જણાવેલ છે કે નાકોઈ ખાસ ફેરફાર નહિ માત્ર ૨ વ્યક્તિ જણાવે છે કે વાર્ષિક ઉત્પાદનના ખર્ચમાં ઘટાડો થયો છે.

3. નર્મદા કેનાલ આવ્યા પછી મજુરી ખર્ચમાં ફેરફાર થયો છે? જેના પ્રશ્નો અનુસૂચિમાં પૂછાતા તથા જૂથ ચર્ચાઓમાં આંકડાઓ મળેલ છે જે નીચે મુજબ છે. જે ૪૬ વ્યક્તિઓએ એટલેકે ૯૬ %એ સ્વીકારી છે કે મજુરી ખર્ચમાં વધારો થયો છે જયારે ૧ વ્યક્તિઓએ એટલેકે ૨ ટકાએ જણાવેલ છે કે ના કોઈ ખાસ ફેરફાર નહિ અને ૧ વ્યક્તિ એટલે ૨ ટકા જણાવે છે કે ખર્ચમાં ઘટાડો થયો છે. આમ, મજુરી ખર્ચમાં વધારો થયો છે અને મજૂરોની માંગ વધી રહી છે સામે પુરવઠામાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

4. નર્મદા કેનાલ આવ્યા પછી લોકો પિયત માટે કેવી પદ્ધતિઓ અપનાવી રહ્યા છે જે અનુસૂચિમાં પૂછવામાં આવેલ છે જે માહિતી કોષ્ટક નીચે મુજબ છે.


| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | જૂની ધોરીયા પધ્ધતિ | ૨૨ | ૪૬ |
| ૨ | ટપક | ૬ | ૧૨.૫ |
| ૩ | ફુવારા | ૧૩ | ૨૭ |
| ૪ | પાઈપ લાઈન, મિશ્ર અને ગ્રીન હાઉસ | ૭ | ૧૪.૫ |
| કુલ | | ૪૮ | ૧૦૦ |

નર્મદા કેનાલ આવ્યા પહેલા પાણીની ખુબજ તંગી જોવા મળતી હતી. જેથી એક જગ્યાએ થી બીજી જગ્યાએ પાણી લગભગ ધોરીયા દવારા લઇ જવાતું હતુ ધોરીયા પધ્ધતિમાં કાળી માટી નાખી ધોરિયામાં એક લેયર બનાવવામાં આવતું હતું કે જેથી પાણી નો બગાડ ના થાય અને પાણી જમીનમાં વધુ શોષાય નહિ આ લેયર બનાવવા માટે કાળી માટી થોડા થોડા અંતરે ધોરિયામાં નાખવામાં આવતી ત્યારબાદ ઘાસના બનાવેલ તરાપા પર વજન મુકીને અથવા નાના બાળકોને તેના પર બેસાડી ધોરિયામાં તાણવામાં આવતું હતું અને એક માટીનું લેયર બની જતું હતું અને ફરીથી સમયાંતરે જયારે પાકને પાણી આપવામાં આવતું ત્યારે આજ પદ્ધતિથી ફરીથી કરવામાં આવતી હતી જે હાલે જોવા મળતી નથી અને ક્યારા તેમજ ધોરીયા માનવબળથી નાના પાવડાથી કરવામાં આવતા હતા તેનું સ્થાન હવે ટ્રેક્ટર દવારા પાવડાથી ક્યારા અને ધોરીયા બનાવામાં આવી રહ્યા છે.

નર્મદા કેનાલ આવી તે પહેલા પાણી પાઈપથી પાણી લઇ જવાતું ન હતું ક્યાંક પ્લાસ્ટિકના રબડીયાનો ઉપયોગ થતો હતો જયારે હાલે લગભગ પ્લાસ્ટિકની પાઈપોનો ઉપયોગ થઇ રહ્યો છે. અને તેમાં પણ ફુવારા પદ્ધતિ વિષે જાગૃતતા આવી રહિ છે. અને લોકો ફુવારા પધ્ધતિઓ પણ અપનાવી રહ્યા છે જેમાં સરકારી સબસીડીનો પણ લાભ લઇ રહ્યા છે.જૂની ધોરીયા પધ્ધતિ ખુબજ સરળ છે અને કોઈ ખર્ચ વધુ થતો નથી અને કોઈ ખાસ ટેકનીકલી આવડતની જરૂરિયાત રહેતી નથી માત્ર કોઠા સૂઝને આધારે પિયત કરવામાં આવે છે. જેથી વધુ ખેડૂતો આ પ્રકારે ખેતી કરી રહ્યા છે. મિશ્ર પધ્ધતિમાં ઉપરોક્ત એક થી વધુ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવી રહેલ છે.

5. ઉત્તરદાતાઓની નર્મદા કેનાલ આવ્યા પછી તમારા મતે લોકોએ ખેતી કરવામાં ફેરફાર કર્યા તે વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ખેતી જાતે કરે છે | ૨૦ | ૪૧.૭ |
| ૨ | મજુરો દ્વારા કરાવે છે | ૬ | ૧૨.૫ |
| ૩ | ભાગિયા દ્વારા કરાવે છે | ૧૫ | ૩૧.૩ |
| ૪ | કોઈ ફેરફાર કર્યા નથી | ૭ | ૧૪.૫ |
| કુલ | | ૪૮ | ૧૦૦ |




p

મોટાભાગના ખેતી જાતે અથવા ભાગીયાઓ પાસે કરાવે છે. સામાન્ય રીતે ઉત્પાદન માટેના ત્રણ હિસ્સા કરવામાં આવે

છે ૩૩% જમીન જેની છે તેનો ભાગ ૩૩% પાણી જેનું છે તેનો ભાગ ને ૩૩% જે મહેનત કરે છે તેનો ભાગ ગણવામાં આવે છે.


6. ઉત્તરદાતાઓની નર્મદા કેનાલ આવ્યા પછી જીવન શૈલી, જીવન જીવવાની પદ્ધતિ કે રહેણી-કરણીમાં બદલાવ આવ્યોછે તેની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | બદલાવ આવ્યો છે આધુનિકરણ જડપથી વધી રહ્યું છે. | ૩૭ | ૭૭ |
| ૨ | ના બદલાવ નથી આવ્યો | ૩ | ૬.૩ |
| ૩ | અન્ય | ૮ | ૧૬.૭ |
| | કુલ | ૪૮ | ૧૦૦ |

અન્ય એટલેકે મિશ્ર બદલાવો આવ્યા છે તેવું ઉત્તરદાતાએ જણાવેલ છે જેમાં પશ્ચિમીકરણ અને ભારતીય કરણ એમ બંને રીતે ફેરફારો જોવા મળે છે

7. નર્મદા કેનાલ આવ્યા પછી બાળકોના અભ્યાસ બાબતે કેવો બદલાવ, ફેરફાર આવ્યો છે જેના જવાબો અનુસૂચી મુજબ નીચેના કોષ્ટક પરથી જાણી શકાય છે.

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | જાગૃતતા આવીઅને સારું શિક્ષણ | ૪૨ | ૮૭.૪ |
| ૨ | કોઈ ખાસ ફેરફાર નહિ | ૩ | ૬.૩ |
| ૩ | શિક્ષણ બગડ્યું | ૩ | ૬.૩ |
| | કુલ | ૪૮ | ૧૦૦ |




નર્મદા કેનાલ આવવાથી સ્થાનિકે આવકમાં વધારો થયેલ છે જે આવક બાળકોના અભ્યાસ પાછળ ખર્ચાઈ રહી છે જેથી ૪૨ વ્યક્તિઓએ એટલેકે ૮૭.૪ ટકાએ સ્વીકારેલ છે કે જાગૃતતા આવીઅને સારું શિક્ષણ મળી રહેલ છે સ્થાનિકે નવી શાળાઓ પણ ખુલી રહી છે અને શિક્ષણમાં જડપથી સુધારો આવી રહેલ છે જેની આવક સારી છે તે લોકો પોતાના બાળકોને શહેરોની સારી સ્કુલોમાં અભ્યાસ અર્થે મોકલી રહ્યા છે. આમ, બાળકોના અભ્યાસ પર ગહેરી અસરો પડી રહી છે. પરંતુ ૩ વ્યક્તિઓ એટલેકે ૬.૩ ટકાએ જણાવેલ છે કે કોઈ ખાસ ફેરફાર થયેલ નથી તેમજ ૩ વ્યક્તિઓ એટલેકે ૬.૩ ટકાએ જણાવેલ છે કે શિક્ષણ બગડ્યું છેકારણ કે સ્કૂલો ગામમાં છે જયારે રહેઠાણ ગામથી દુર ખેતરોમાં હોઈ બાળકોને ગામમાં આવવામાં મુશ્કેલીઓ ઉભી થઈ રહી છે તાપ, ટાઢ વરસાદમાં સ્કુલ જવું મુસ્કેલ બનેલ છે. જેની સાથે ખેતીના નાના મોટા કામો બાળકોને

પણ અપાય છે જેથી ક્યારેક સીઝન આખી બાળકો સ્કુલમાં આવતા નથી અથવા તો મોટા ભાગનો સમય ખેતી/ મજુરી કામમાં કાઢી નાખે છે. જેના કારણે કેટલાક પ્રાથમિક પાસ કરેલ વિદ્યાર્થીઓને ગુજરાતી વાંચતા પણ નથી આવડતું સ્થાનિક શિક્ષકોને મળતા જણાવે છે કે આ બહુ ખોટું છે ચર્ચા કરતા પ્રાથમિક શિક્ષણમાં કોઈને નપાસ કરવાની જોગવાઈ જ નથી જે પહેલા હતી તે બંદ કરેલ છે. એકંદરે શિક્ષણમાં મોટા પ્રમાણમાં સુધારો થઇ રહેલ છે.


8. નર્મદા કેનાલ આવ્યા પછી અથવા તેનો લાભ લીધા પછી તમે ખેતી માટેના ક્યા સાધનો વસાવ્યા છે? જેના ઉત્તરમાં નીચે મુજબના આંકડાઓ મળ્યા છે.

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ટ્રેક્ટર | ૧૨ | ૨૫ |
| ૨ | થ્રેશર | ૪ | ૮.૩ |
| ૩ | આધુનિક ખેતી માટેના ઓજારો | ૭ | ૧૪.૬ |
| ૪ | મિશ્ર | ૬ | ૧૨.૫ |
| ૫ | અન્ય સામાન્ય | ૧૯ | ૩૯.૬ |
| કુલ | | ૪૮ | ૧૦૦ |

નર્મદા કેનાલ આવ્યા પછી અથવા તેનો લાભ લીધા પછી ખેતી માટે ટ્રેક્ટર ૨૫%, થ્રેસર ૮.૩%, આધુનિક ખેતી માટેના ઓજારો ૧૪.૬%, અન્ય સામાન્ય સાધનો ૩૯.૬% અને બાકીના ૧૨.૫%એ મિશ્ર સાધનો વસાવ્યા છે એ પરિણામ તો સ્પષ્ટ જોઈ શકાય છે કે સ્થાનિકો આવી ખરીદી કરી રહ્યા છે.

9. સ્થાનિક ખેડૂતોવર્ષોથી ગામતળમાં પોતાના ઘર બનાવી સંયુક્ત કુટુંબમાં રહેતા હતા જે નર્મદા કેનાલ આવવાથી ખેતરમાં રહેવાનું પસંદ કરતા સંયુક્ત કુટુંબ પ્રથા તૂટી રહી છે. તેમજ એકલ દોકલ ખેતરમાં ઘર હોવાથી પોતાની જાતને સેફ માનતા નથી. વળી ગામમાં પોતાનું મકાન હોવા છતાં ખેતરમાં યોગ્ય સુવિધા વાળા પાકા મકાન બનાવી રહેવાનું વધુ પસંદ કરતા ખર્ચાઓમાં વધારો થાય છે જેના કારણે લોકો દેવું કરી રહ્યા છે અને પોતાની આવકનો મોટો ભાગ આવા વ્યાજમાં આપી રહ્યા છેખેડૂતને ઓછા દરે ધિરાણ કરવા માટે ખેડૂત સેવા મંડળીઓ છે પણ તે ક્યાંક પાછળરહિ છે. અને કોઈ ચોક્કસ વ્યક્તિઓનો આવી મંડળીઓ પર કબજો છે તેજ મોટા ભાગના સરકારી લાભો લઈ રહ્યા છે બાકીના ખેડૂતો માત્ર સભ્યો પૂરતા જ માર્યાદિત રહ્યા છે.નર્મદા કેનાલ આવ્યા પછી લોકોએ પોતાના ઘરમાં નાના મોટા ફેરફારો કરેલ છે જે નીચેના કોષ્ટક/ચાર્ટપરથી જાણી શકાય છે.

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | પાકુ ઘર | ૧૨ | ૨૫ |
| ૨ | ફાર્મ હાઉસ | ૪ | ૮.૩ |
| ૩ | રીનોવેશન | ૭ | ૧૪.૬ |
| ૪ | અન્ય<br>(ટોયલેટ, બાથરૂમ વિગેરે) | ૬ | ૧૨.૫ |
| ૫ | ના કોઈ ફેરફાર નહિ | ૧૯ | ૩૯.૬ |
| કુલ | | ૪૮ | ૧૦૦ |





10. નર્મદા કેનાલમાં ગાબડા પડવા જેવી નાની મોટી સમસ્યા થાય છે પણ તે ઉકેલાઈ જાય છે. નર્મદા કેનાલની સમગ્ર પાણી વિતરણ વ્યવસ્થા અંગેની કઈ સમસ્યાઓ તમારા વિસ્તારમાં હજુ ઉકેલાઈ નથી જેની વિગતો નીચેના કોષ્ટક અને પાઈ ચાર્ટ પરથી જાણી શકાય છે.

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | કોઈ સમસ્યા નથી | ૩૪ | ૭૦.૮ |
| ૨ | સફાઈ કામ, કેનાલમાં ભંગાણ | ૧૪ | ૨૯.૨ |
| | કુલ | ૪૮ | ૧૦૦ |

11. વળી પાણી વિતરણની યોગ્ય પધ્તિઓ અપનાવવામાં આવી નથી. નર્મદા કેનાલની પાણી વિતરણ વ્યવસ્થા અંગેની નાની મોટી સમસ્યાઓ રહેવાની જેના કારણો જાણવા જરૂરી બને છે.નર્મદા કેનાલની સમગ્ર પાણી વિતરણ વ્યવસ્થા અંગેની કોઈ સમસ્યાઓ હોય તો આવાકારણો ક્યાં છે જે નીચેના કોષ્ટક/પાઈચાર્ટ થી સમજી શકાય છે.

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | રાજકીય દાવપેચ | ૧ | ૨.૧ |
| ૨ | વધુ આવક કે વગદારનો હસ્તક્ષેપ | ૨ | ૪.૨ |
| ૩ | વહીવટી અને નીતિ વિષયક | ૪૨ | ૮૭.૪ |
| ૪ | આવું કઈ નથી | ૩ | ૬.૩ |
| | કુલ | ૪૮ | ૧૦૦ |



**સંશોધન વિસ્તારમાં અભ્યાસના મુખ્ય તારણો-**

બનાસકાંઠા જીલ્લાના વાવ તાલુકાના માવસરી, ઢીમા અને અસારા ગામોમાં નર્મદા કેનાલની અસરો નીચે પ્રમાણે છે

1. આ વિસ્તારમાં ખેતી માત્ર ચોમાસા આધારિત હતી તેથી ખેતીમાં માત્ર એકજ ચોમાસું સીજનનો પાક લેવામાં આવતો તેના બદલે નર્મદા કેનાલ થકી હાલ ત્રણ સિઝનમાં ત્રણથી વધુ પાક લેવામાં આવે છે શિયાળો, ઉનાળો અને ચોમાસું જેથી ખેડૂતની આવક વધી રહેલ છે. અને જીવનધોરણ સુધરી રહ્યું છે. પરંતુ છેલ્લા દાયકામાં ઘાસચારાના વાવેતરમાં ખુબ મોટા પ્રમાણમાં ઘટાડો નોધાયેલ છે જેથી પશુપાલન માટે ઘાસચારો મોઘો થઇ રહ્યો છે.
2. ત્રણ સીજન લેવાતી હોવાથી મોટા ભાગનો સમય ખેતી પાછળ જતો હોવાથી ખેડૂતો ખેતરોમાં રહેવાનું વધુ અનુકૂળ આવતા ખેતરોમાં રહેવાનું પસંદ કરી રહ્યા છે જેથી અવન જવન પાછળનો સમય બચી જાય અને પાકને નુકશાન કરતા પશુઓ/જાનવરોથી પણ બચાવી શકાય. અત્યારે પાક ઉત્પાદન થાય છે તેના સરેરાશ પૂરતા ભાવ નથી મળતા તેવુ ૯૫.૮% એ સ્વિકાર કર્યો હતો સરકાર ટેકાના ભાવ જાહેર કરે છે પણ તે સમયસર થતા નથી અને તેનો લાભ વચેટિયા અને કમીશન એજન્ટો લઇ જાય છે. જે એક ગંભીર સમસ્યા છે. સરકારે આ દુષણ દુર કરવા માટે ૭/૧૨ના ખેડૂતના ઉતારા માંગી સીધા ખેડૂતના બેંક ખાતામાં પૈસા આપે છે પરંતુ તે લાભ માત્ર લાગતા વળગતા અને પોતાના ઓળખીતાને જ મળે છે સામાન્ય ખેડૂત તેનો લાભ લઇ સકતો નથી. અથવા આવા ખેડૂત લાભ લેવા જાય ત્યારે પાકની યોગ્ય ગુણવતા નથી તેમ કહી પાક રીજેક્ટ થઇ જાય છે. આ દુષણને દુર કરવું હોય તો ખેડૂતના ખેતરમાં ઉભો પાક કે નીકળતો પાક ખેતી નિયામક દવારા બનાવેલ ગામની પેનલ કે જેમાં સ્થાનિક ગામના ખેડૂતો,સ્કુલના આચાર્ય અને ગ્રામ સેવક પણ હોય તે દવારા પાકની ગુણવતાના આધારે સ્થાનિક સેવા સહકારી મંડળી ખરીદી કરે અને ત્યાજ ચેક દવારા ચુકવણું કરવામાં આવે તો સારું પરિણામ મેળવી શકાય તેમ છે.
3. નર્મદા કેનાલ આવ્યા પહેલા એકંદરે,સરેરાશ વાર્ષિક વધુ ખેતીમાં એરંડા, ઘાસચારોનેબાજરો, જીરું અને કઠોળ ૯૧.૭% જે નર્મદા કેનાલ આવ્યા પછી એરંડા, જીરું, કપાસ, રાયડુને વરીયાળી, શાકભાજી, બાગાયતી ૯૫.૮% જેટલા પ્રમાણમાં પાક ઉત્પાદન થઇ રહ્યુ છે એટલે કે ખેડૂતો બાગાયતી અને શાકભાજીની ખેતી તરફ વળી રહ્યા છે કારણકે જે આર્થિકરીતે વધુ સારી છે.નર્મદા કેનાલ આવ્યા પછી ખેતી વ્યવસ્થાના સંચાલન માટે તેમજ ઘરખર્ચની જરૂરિયાત સંતોષવા માટે જોઈતા રૂપિયા કે બિયારણ ખાતર સરળતાથી મળી રહે છે તેમ ૮૧.૩% એ સ્વીકાર્યું છે કારણ કે ઉત્પાદન વધુ છે પરંતુ ૧૮.૭% લોકોને આવી વસ્તુઓ સરળતાથી મળતી નથી જેના મુખ્ય કારણો આર્થિકઅને સામાજિક, વહીવટી અને નીતિ વિષયક, રાજકીય અને વ્યાજખોરી વિગેરે જણાઈ આવે છે. વળી, નર્મદા કેનાલ આવ્યા પછી બિયારણ અને ખાતરના વપરાશમાં ૮૫.૪% એ જણાવ્યું કે બદલાવ આવ્યો છે રાસાયણિક ખાતરો અને દવાઓનો વધુ ઉપયોગ થઇ રહ્યો છે.
4. નર્મદા કેનાલના પાણીથી જમીન ખરાબ થાય કે કઠણ થાય છે જે બાબત ૮૭.૩% લોકોએ નકારી છે એટલે કે ક્યાંક જમીન ખરાબ થાય છે પણ તેનું પ્રમાણ બિલકુલ ઓછુ છે. નર્મદા કેનાલ આવ્યા પછી પાક ધિરાણ/લોન સરળતાથી મળી રહે છે તેમ ૮૫.૪% એ સ્વીકાર્યું પરંતુ કેટલાક લોકોને પાક ધિરાણ/લોન સરળતાથી મળતી નથીતેમાં સૌથી મોટી મુશ્કેલી વહીવટી અને નીતિ વિષયક ૩૫.૪% વળી મોટા અને આર્થિકરીતે સધ્ધર ખેડૂતોને કોઈ મુશ્કેલીઓ જણાતી નથી.નર્મદા કેનાલ આવ્યા પછી આ વિસ્તારમાં ગ્રીન હાઉસમાં કોઈ ખાસ વધારો થયો નથી માત્ર ૪.૨% જોવા મળે છે.નર્મદા કેનાલ આવ્યા પછી ઉત્પાદિત પાકોને ઉત્પાદન સ્થળેથી વેચાણ માટે ગંજ બજારમાં લઈ જવા માટેની પ્રથાઓમાં ફેરફારો થયો છે. જુનવાણી કહેવાતી પદ્ધતિઓ તૂટી રહી છે અને ભુલાઈ રહી છે ગાડા-બળદોની ખેતી નાબુદ થઇ રહી છે જેની જગ્યાએ આધુનિકરણ ટ્રેક્ટર થ્રેસર જેવા સાધનો લઇ રહ્યા છે સમયનો બચાવ અને ઝડપી ખેતી થઇ રહેલ છે. જેથી ખેતીના ખર્ચમાં વધારો થઇ રહ્યો છે. ગામમાં કોઈ મોટા ખેડૂત જોડે બળદ ગાડું હતા તે બીજાને પણ ઉપયોગી થતા જરૂરિયાતના સમયે એકબીજાને કોઈ ચાર્જ લીધા વગર આપતા તેથી નાના ખેડૂત આવા ખર્ચ અટકાવી ખેતીના નફામાં વધારો રહેતો તે નાશપ્રાય બન્યા છે. જયારે એક ખેડૂતને પોતાની ખેતી લાયક કામ ના હોય ત્યારે બીજા ખેડૂતને મદદ કરતો અને તેટલો સમય અરસ પરસ એક બીજાને ઉપયોગી થતા તેની જગ્યાએ હાલ દિવસની મજુરી પ્રમાણે રોકડું ચુકવણું સ્થાન લઇ લીધું છે.
5. આ વિસ્તારમાં ખેતી લાયક જમીનો હતી જ પરંતુ પાણીનો અભાવ હતો જે કેનાલ થકી પાણી મળવાથી વધુ જમીનો પિયત થતા પાકના ઉત્પાદનમાં બહુજ વધારો થયેલ છે વિવિધ પાકો લેવાઈ રહ્યા છે અને આધુનિક પદ્ધાતીથી બાગાયતી ખેતીમાં વધારો થયેલ છે. જેની સાથે સાથે પશુપાલનમાં ખુબજ વધારો થઇ રહ્યો છે જેથી હરિયાળી અને શ્વેત ક્રાંતિ સમાંતર ચાલી રહી છે. ખેતીની સાથે દૂધ ઉદ્યોગ થકી લોકો સારું કમાઈ રહ્યા છે આવકમાં વધારો થઇ રહ્યો છે. નર્મદા કેનાલ આવ્યા પછી લોકોને પશુપાલનમાં

ફાયદો થયો છે તેમ ૯૦%એ સ્વીકાર્યું છે.પરંતુ પશુઓના દુધના યોગ્ય ભાવ નથી મળતા તેમ ૯૫.૮% માને છે. બજારમાં ૫૦ રૂપિયા પ્રતિ લીટરથી ઓછા ભાવે દૂધ મળતું નથી જયારે પશુપાલકો પાસેથી તેનાથી ડબલ ફેટનું દૂધ અડધા ભાવે ખરીદી કરવામાં આવી રહ્યું છે દૂધ મંડળીઓ ઉઘાડી લુંટ ચલાવી રહી છે. પશુઓના છાણ ખાતરના યોગ્ય ભાવ મળે છે તેમ ૮૯.૬% સ્વીકાર્યું છે તેમજ સ્થાનિકે માંગ સારી છે જડપથી વેચાઈ જાય છે અને કીમત તરત રોકડમાં મળી જાય છે. પશુપાલન માટે યોગ્ય સહાયો સરકારશ્રી તરફથી મળતી નથી તેમ ૮૩.૮% જણાવે છે, પશુઓની દવાઓ સરકારશ્રી તરફથી નથી મળતી તેમ ૮૭.૯% જણાવે છે, પશુપાલન માટે યોગ્ય જાગૃતિ લાવવા માટે સરકારશ્રી તરફથી યોગ્ય પ્રયાસો થયા છે તેમ માત્ર ૧૬.૩% માને છે કે, પશુપાલન માટે પશુડોકટરો યોગ્ય સમયે મળે છે તેવું માત્ર ૨૦.૪% જણાવે છે એટલે કે પશુચિકિત્સા અને સંલગ્ન બાબતે આ વિસ્તારમાં સરકારનું વલણ ઉદાસીનતા ભર્યું જણાય છે. મૃત પશુઓના મૃતદેહનો યોગ્ય નિકાલ થતો નથી ૮૫.૮%એ સ્વીકાર્યું છે. સ્થાનિક લોકો આવાન પશુઓના મૃતદેહને લઇ જાય છે કોઈ ખાસ વ્યવસ્થા જણાતી નથી. પશુપાલન માટે પશુદાણ/ ઘાસચારો યોગ્ય ભાવે યોગ્ય સમયે મળતો નથી તેમ ૯૨%એ સ્વીકાર્યું છે તેમજ ખેતીના પાકોને પશુઓ નુકશાન કરે છે તેમ ૮૮%એ સ્વીકાર્યું છે જે પશુપાલન અને ખેડૂતો માટે ગંભીર પશ્ન છે.

6. ઉત્તરદાતાઓજણાવે છે કે, સ્થાનિક બજારમાં બનાવેલી કોઈ વસ્તુઓનો ઉપયોગ ૩૧.૩% કરે છે.સ્થાનિક બજારમાં ઉત્પાદિત વસ્તુઓની ગુણવતા સારી હોય છે તેવું ૭૫.૪% માને છે અને તેની કીમત પ્રમાણમાં વધુ હોતી નથી તેમ ૭૩.૮% જણાવે છે પરંતુ તેનો ઉપયોગ વધુ લોકો કરતા નથી જે વિરોધાભાસ જોવા મળે છે. નર્મદા કેનાલ આવ્યા પછી સ્થાનિક બજારમાં ઉત્પાદિત થતી વસ્તુઓના વેપારી પર સારી અસરો થઇ છે તેવું ૭૦.૮% જણાવે છે. પરંતુ કેટલીક વસ્તુઓ સ્થાનિક લોકોએ બનાવવાની કે સેવા આપવાની બંધ કરી દીધી છે તેમ જૂથ ચર્ચામાં જણાઈ આવે છે.

7. ઉત્પાદિત પાકની સાચવણી જે માટી અને લાદથી બનાવેલ કોઠીઓમાં સેલી/રખિયા, લીમડા અને તુલસીના પાન ઉત્પાદિત પાક સાથે મિક્ષ કરી સાચવણી કરવામાં આવતી હતી તેમજ છાણીયું ખાતર અને દેશી પધ્ધતિઓ અપનાવવા આવતી હતી. જેની જગ્યાએ સીધો માલ ખેતબજારોમાંમોઘી જંતુનાશક દવા લગાવી ભરવામાં આવી રહેલ છે. જેથી આજની કહેવાતી બીમારીઓમાં વધારો નોધાઇ રહ્યો છે અને જૂની સાચી પધ્ધતિઓ ભુલાઈ રહી છે. વળી આવી બીમારીઓ વધવાથી દવાખાનાનો ખર્ચમાંવધારો થઇ રહ્યો છે સામે ડોકટરો પણ લુંટ ચલાવી રહ્યા છે કારણકે લોકો મોટા ભાગના વધુ શિક્ષિત નથી અને ખેતી, પશુપાલનકેમજુરી કરતો વર્ગ છે જે સરકારી દવાઓ લેવાનું ઓછુ પસંદ કરે છે અને સરકારી દવાખાનામાં પુરતી સગવડો/સ્ટાફનો અભાવ પણ એક મોટું કારણ છે.

8. ખેડૂત આર્થિક રીતે સદ્ધર થઇ રહ્યો છે જેની સાથે અંધશ્રદ્ધાઓ ખતમ થઇ રહી છે જે એક મોટું જમા પાસુ કહી શકાય. નર્મદા કેનાલ આવ્યા પછી એકંદરે લોકોના જીવનધોરણમાં સુધારો થયો છે તેમ ૮૭.૫% જણાવે છે. પરંતુ નર્મદા કેનાલ આવ્યા પહેલા લોકો બચત વધુ કરતા હતા તેમ૭૩.૩% જણાવે છે. કારણ કે આવી બચતો દુષ્કાળ જેવી સ્થિતિને પહોચી વળવા માટે કરવામાં આવતી હતી.નર્મદા કેનાલ આવ્યા પછી પહેરવેશમાં બદલાવ આવ્યો છે જેમાં આધુનિકરણ આવ્યું છે તેવું ૬૫% જણાવે છે, ખરીદ શક્તિમાં વાર્ષિક બદલાવ આવ્યો છે ખરીદ શક્તિ ૧થી૫૦,૦૦૦ વધી છે તેમ ૫૭% તેમજ ૫૦,૦૦૧થી૧,૦૦,૦૦૦ થઇ છે તેમ ૨૩% જણાવે છે જયારે બાકીના ૨૦% જણાવે છે કે તેમની આવક એક લાખથી વધુ વધી છે. આરોગ્ય બાબતે ખર્ચમાં વધારો થયો છે તેમ૮૫.૪% જણાવે છે. આરોગ્ય, શિક્ષણ, અને સામાજિક દરજ્જો ટકાવી રાખવા માટે જરૂરી ખર્ચાઓ ઉઠાવામાં સમાજ સક્ષમ બની રહ્યો છે તેમ ૮૧.૩% માને છે. નર્મદા કેનાલ આવ્યા પછી પોતાનો કામો સિવાયનો સમય લોકો ૮૩.૩%ટીવી મોબાઈલ મનોરંજનના સાધનો અને ૧૦.૪% પરિવારજનો અને મિત્રો સાથે વિતાવે છે.નર્મદા કેનાલ આવ્યા પછી સામાજિક પ્રસંગોમાં અને તેની ઉજવણીના સ્વરૂપમાં બદલાવમાં જુનવાણી પડી ભાગ્યું તેના સ્થાને આધુનિકતા અને ખર્ચાળ કોન્સેપ્ટ આવ્યો છે તેવું ૬૬.૭% તેમજ ધાર્મિક/ત્યોવહારોની ઉજવણીમાં ૯૧.૭% બદલાવ જણાવે છે તેની સાથે ધાર્મિક ખર્ચાઓમાં વધારો થયો છે ૮૯.૬% જણાવે છે. લોકો ધાર્મિક કામમાં દાન છૂટથી/વધુ આપે છે ૮૫.૪% આવા સામાજિક-આર્થિક અને રાજનૈતિક દૃષ્ટિએ વધુ દાન આપનારનો પ્રભાવ આમ લોકો પર વધુ રહે છે ૯૩.૮% માને છે.અને આ તમામ બાબતો જોઈ પણ શકાય છે. વળી, નર્મદા કેનાલ આવ્યા પછી ગામડા માંથી રહેવા માટે લોકો શહેરોમાં વધુ જઈ રહ્યા છે જેના કારણોમાં જરૂરીસુવિધાનોગામડામાંઅભાવ છે તેમ ૮૭.૫% જણાવે છે સાથે સાથે આધુનિકરણ અને શહેરીકરણની આંધળી

દોડપણ જવાબદાર છે. પરંતુ નર્મદા કેનાલ આવ્યા પછી આજીવિકા માટે સ્થળાંતરમાં ઘટાડો થયો છે તેમ૬૯.૨% જણાવે છે. અને વ્યકતિગત સબંધોમાં ઓછપ/નાનપ આવી છે તેમ૬૭.૫% જણાવે છે.

9. ગામડાઓના નાના-નાના ધંધાઓ ખતમ થઈ રહ્યા છે અને શહેરોમાં ઉધોગ ધંધા થોડા પ્રમાણમાં વધી રહ્યા છે અને ધંધામાં ખરીદીમાં ગ્રાહકવર્ગ જાતિ આધારિત વહેચાઈ ગયો છે. પોતાની જાતિવાલાને ત્યાંથી ખરીદી કરવાનું વધુ પસંદ કરી રહ્યો છે જેથી એક જાતિ બીજી જાતિની ઈર્ષા કરવામાં કઈ કસર બાકી રાખતી નથી જે લોકશાહી માટે મોટો ખતરો છે.

10. ધાર્મિક-સામાજિક ઉજવણીઓ અને લગ્ન-મરણ જેવા વિવિધ પ્રસંગમાં ખર્ચાઓ વધી રહ્યા છે અને જે વધુ દાન આપે છે વધુ ખર્ચ કરી પ્રસંગ ઉજવે છે તેની બોલબાલા વધુ વર્તાઈ રહી છે.આવા પ્રસંગોમાં મંડપ, ડેકોરેશન, જમણવાર જેવા મોટા ખર્ચાઓ સામેલ થઇ રહ્યા છે અને તેમાં દેખા દેખી વધી રહી છે. જેની આર્થિક સ્થિતિ સારી નથી તે પણ દેવું કરી કે જમીન વેચીને પણ પ્રસંગો કરી માન મોભો વધારવાની હોડમાં છે. સામાજિક અને કાયદાકીય કોઈ ખાસ રોક ટોક નથી જેથી દહેજ પ્રથા જણાઈ આવે છે.

11. લોકો પોતાની સુખ સુવિધાના સાધનો વસાવી રહ્યા છે ટીવી, મોબાઈલ, વાહન, એસી વધુ વસાવી રહ્યા છે અને મોજ શોખ પાછળ પણ મોટા ખર્ચાઓ કરી રહ્યા છે તો કેટલાક વર્ગ વ્યસન તરફ ધકેલાઈ રહ્યો છે સ્થાનિકે દારૂ દુષણ છે વળી નશાની ગોળીઓ બેફામ વેચાઈ રહી છે. જે લોકોના હેલ્થ અને સામાજિક-આર્થિક રીતે પાયમાલ કરી રહી છે.

12. આ ગામોમાં વર્ષોથી કરકસરથી જીવતો માણસ ઉડાઉ બની રહ્યો છે અને પોતાના ખોટા ખર્ચા કરી રહ્યો છે. અહી જમીન વેચવી એટલે પોતાની આબરૂ ઓછી થવી એવું માનવામાં આવતું ત્યાં આજનો સમયે બિન્દાસ જમીનો વેચાઈ રહી છે અને આવી જમીનો વેચવાથી આવતો પૈસો મોટા ભાગે વાહનો ઘર બનાવવા અને મોજ શોક પાછળ ઉડાઈ રીતે વધુ જઈ રહ્યો છે.

13. નર્મદા કેનાલ આવવાથીપાણી પણ બહુ વેડફાઈ રહ્યું છે ખેડૂતો પોતાના પાકને ફરીથી ક્યારે પાણી મળશે જેની ચિંતા માં હોય છે એટલે પાકને વધુ પાણી આપે છે જેથી પાણી વેડફાઈ રહ્યું છે. પીવામાં અને રૂટીનમાં પાણી ઉપાડીને લાવવું પડતું જે હાલ ઘેર ઘેર પાઈપથી મળી રહે છે જેથી વધુ વપરાશ થઇ રહ્યો છે. ઘેર ઘેર સંડાસ બાથરૂમ થઈ ગયા હોવાથી નહાવ-ધોવામાં પાણી વધુ વપરાશ થઈ રહ્યો છે.

14. વ્યક્તિમાં સહનશીલતા અને ભાઈચારાની ભાવના ઓછી થઇ રહી છે જે સમાધાન ગામલોકો સાથે મળીને લાવતા તેની જગ્યાએ કોર્ટ અને પોલીસ લગતા ગુનાઓમાં વધારો થઇ રહેલ છે. અને પૈસાની દોડ ધામમાં તિવ્ર હરીફાઈ યુક્ત સમાજ વ્યવસ્થા બની રહી છે. વળી રાજકીય સમીકરણો આવા વાતાવરણને પોષી રહ્યા છે જેથી જૂની ભારતીય સમાજ વ્યવસ્થા તૂટી રહી છે.

15. નાના મોટા સીમાડાના વૃક્ષો ઝડપથી કાપાઈરહ્યા છે અને આધુનિક મશીનરીનો વધુ ઉપયોગ થઇ રહ્યો છે જેથી પર્યાવરણને નુકશાન થઇ રહ્યું છે જેને આવનારી પેઢીએ ભોગવવાનું રહેશે. તેમજ આધુનિકરણને કારણે આધુનિક ઓજારો થકી ખેતી થઇ રહી છે જેના લીધે ગામના લુહારો અને નાના કારીગરોમાં બેકારી વધી રહી છે. વળી સ્થાનિક મજુરીના દૈનિક ભાવમાં વધારો થયો છે પણ દરેક મજુરને મજુરી કરવી છે પણ દરોજ કરવી નથી જે વિસંગતા જોવા મળે છે.

16. જમીન પિયત માટે બોરવેલ માટે વિદ્યુત/લાઈટ કનેક્શન સરળતાથી મળી રહે છે કે કેમ જેના ૧૨.૫% ઉત્તરદાતાઓ હકારાત્મ અભિગમ જણાવેલ છે જયારે ૮૭.૫% એ નકારાત્મક અભિગમ જણાવેલ છે. જેના માટે જૂથ ચર્ચાઓ અને સરકારી ચોપડે માહિતી મેળવતા સૌથી મોટું કારણ આ વિસ્તાર ડાર્કજોન માં આવે છે તે ઉપરાંત જે ખેડૂત આર્થિકરીતે સધ્ધર હોય તે જ બોરવેલ માટે કનેક્શનની માંગણી કરતો હોય છે આવા બોર/ટ્યુબવેલ બનાવવાનો ખર્ચ ૧૦ લાખ કરતા વધુ થતો હોય છે વળી જમીનમાં પાણીના તળની ઉંડાઈ તથા કુદરતી કારણોસર આવા ટ્યુબવેલ સફળ થશે તે કહેવું પણ મુસ્કેલ હોય છે પરિણામે ખેડૂત સાહસ કરતો નથી તેમજ અન્ય મુશ્અકેલીઓ પડે છે જે કારણો ઉત્તરદાતાઓએ આપ્યા તે મુજબ વહીવટી અને નીતિ વિષયક ૮૩.૩%, આર્થિક અને સામાજિક ૧૦.૪%, રાજકીય ૪.૨% અને મિશ્ર કે અન્ય ૨.૧% કારણે આવા કનેક્શન સરળતાથી મળી શકતા નથી.

17. સરકારી નોકરિયાતોનો સમાજમાં માન મોભો વધી રહ્યો છે અને લોકો આ દિશામાં સખત મહેનત કરી રહ્યા છે. સરકારી નોકરિયાતને વધુ દહેજ આપી ખરીદી થતી હોય તેવી રીતે સગાઇ-લગ્ન થતા હોય તેવું જણાઈ આવે છે. છેલ્લા દાયકાની ગુજરાતની સરકારી ભરતીમાં આ જિલ્લો અવલ રહ્યો છે અને સરકારી નોકરીઓ મેળવનાર આ જિલ્લા ગુજરાતમાં ટોપ ઉપર છે. નર્મદા કેનાલ આવ્યા પછી પરિવારના અન્ય સભ્યોએ ખેતી સિવાયના અન્ય ધંધા, વેપાર, નોકરીમાં જોડાયા છે

18. નર્મદા કેનાલની બાંધકામની ગુણવતા સારી છે તેમ ૮૭.૫%, નર્મદા કેનાલમાં યોગ્ય સારું મેન્ટેનન્સ થાય છે ૮૯.૬% સ્વીકારે છે પણ કેનાલમાં ક્યાંક ગાબડા પડે છે

અને નુકશાન થાય છે તે પણ સત્ય છે.નર્મદા કેનાલમાં લોકો આત્મવિલોપન સરળતાથી કરી સકે છે તેમ ૮૩.૩% માને છે અને આવા બનાવો પણ બને છે. જે માટે નર્મદા મેન કેનાલમાં બંને બાજુ તાર ફેન્સીંગ કરવી જરૂરી છે જેથી આત્મવિલોપન જેવા અને અન્ય ગુનાઓ અટકાવી શકાય તેમ ૮૯.૬%નું માનવું છે. નર્મદા કેનાલ થકી આર્થિક રીતે આ વિસ્તાર ખુબજ સમૃદ્ધ થઈ રહ્યો છે લોકોનું જીવન ધોરણ સુધરી રહ્યું છે તેમાં કોઈ બીજો મત નથી. તેમજ ૮૭.૫ ટકા લોકોએ સ્વીકારેલ છે કે નર્મદા કેનાલ આવ્યાથી જીવન ધોરણમાં સુધારો થયો છે.દરેક બાબતના સારા અને નરસા પાસા હોય તે સ્વાભાવિક બાબત છે. પણ અહીનો ખેડૂત/લોકો જો પોતાની ખુમારી સાથે જીવે તો જ તે સાચી પ્રગતિ થઈ ગણાય. સમયને માન આપવુ જ પડે. બદલાવ એ જ તો પ્રકૃતિનો નિયમ છે આ બંજર વિસ્તાર હરિયાળો થઈ રહ્યો છે તેથી વિશેષ શું હોઈ શકે.

**ઉપસંહાર:**

આમ, બનાસકાંઠા જીલ્લામાં અને વાવ તાલુકાના ગામોમાં નર્મદા કેનાલ થકી ખેતી, પશુપાલન, સ્થાનિક ઉધોગ ધંધામાં સકારાત્મક અસરો આવી રહી છે. ખેતી અને પશુપાલન થકી હરિયાળી અને શ્વેત ક્રાંતિ આવી રહી છે. ત્રણ પાક અને પાક તરાહથીવધુ ઉત્પાદન થવાથી લોકોની આવકો વધી છે. પાણી આવવાથી પીવાના પાણી અને ખેતીના પાણી માટેની સમસ્યાઓ હલ થઈ રહી છે. સ્ત્રીઓને પીવાના પાણીભરવા માટે દુર દુર સુધી જવામાંથીમુક્તિ મળી રહી છે. ભૂગર્ભ જળ ઊંચા આવી રહ્યા છે. આરોગ્ય અને શિક્ષણમાં સુધારની સાથે આધુનિકરણ આવી રહ્યું છે. સ્થળાંતરમાં ઘટાડો થયો છે તથા અન્ય ધંધા રોજગારમાં ફાયદો થયો છે. લોકોના જીવન ધોરણમાં સામાજિક-આર્થિક સુધારો આવી રહ્યો છે ગામડું સામાજિક-આર્થિક રીતે સમૃદ્ધ થઈ રહ્યું છે. હકીકતમાંનર્મદા કેનાલ બનાસકાંઠાની જીવાદોરી સાબિત થઈ રહી છે.



**વાવ તાલુકામાં નર્મદા કેનાલ**

**<u>સંદર્ભ-</u>**


- જીતેન્દ્રસિંહ આર. ચુડાસમા (૨૦૧૫), "બનાસકાંઠાના રણ વિસ્તારના ગામોની જળ સંસાધનની સ્થિતિ અને તેમાં આવેલ પરિવર્તનના કારણો અને અસરો નો અભ્યાસ", સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિધાનગર.
- જે. સી. પટેલ, વી. આર. પટેલ, પી. બી. પટેલ, બી. એમ. સોલીયા : 'વોટર મેનેજમેન્ટ રીસર્ચ ઈન નોર્થ ગુજરાત એન્ડ કચ્છ'
- સંગીતા આચાર્ય, "વોટર રીસોર્સીઝ મેનેજમેન્ટ એન્ડ પ્લાનીંગ ઈન એગ્રીકલ્ચર"-૨૦૧૪
- બનાસકાંઠા જીલ્લા પંચાયતનો અહેવાલ અને તેની વેબસાઈટ
- નર્મદા કેનાલ સંબધિત અહેવાલો અને વેબસાઈટ
- તાલુકા પંચાયતના અહેવાલો અને વેબસાઈટ
- વાવ અને થરાદ તાલુકા ખરીદ વેચાણ સંઘના અહેવાલો
- બનાસડેરીના અહેવાલો અને તેની વેબસાઈટ
- માવસરી, ઢીમા અને અસારા ગામોની ગ્રામ પંચાયતો, સેવા સહકારી અને દૂધ ઉત્પાદન મંડળીઓના રેકોર્ડ
- શ્રી ગજેન્દ્રસિંહજી રાણા સાહેબ દરબારગઢ વાવ સ્ટેટ, શ્રી અર્જુનસિંહજી વાઘેલા, દરબારગઢ થરાદ સ્ટેટ, રૂબરૂ/ટેલીફોનીક મુલાકાતો અને દરબાર ગઢના દસ્તાવેજો